# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16/10/2026** **Morning : 7.10 to 7.20**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **ચૂંટણી પંચનો ગુજરાત સહિત 17 રાજ્યોમાં મતદાર યાદીઓના ખાસ સારાંશ સુધારણાનો નિર્દેશ.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદ – ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.**
3. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 319 વિસ્થાપિતોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત.**
4. **ખેડા, મહીસાગર, બોટાદ અને ગીર-સોમનાથમાં મેડિકલ કોલેજોની સ્થાપનાને મંજૂરી.**
5. **નવલી નવરાત્રીના છઠ્ઠા નોરતે આજે મા કાત્યાનીની આરાધના.**
6. **મહિલા ક્રિકેટમાં આજે રાયપુરમાં ભારત - ઝિમ્બાબ્વે વચ્ચે T20 શ્રેણીની પહેલી મેચ – મહિલા દર્શકોને નિ:શુલ્ક પ્રવેશ.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# EC - SSR

ચૂંટણી પંચે ગુજરાત સહિત 17 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓનું ખાસ સારાંશ સુધારણા કરવાનો નિર્દેશ આપ્યો છે. આ માટેની પાત્રતા 1 જાન્યુઆરી, 2027 નક્કી કરવામાં આવી છે.

પંચના જણાવ્યા અનુસાર, સંબંધિત વિધાનસભા મતવિસ્તારોના અધિકારીઓ ખાતરી કરશે કે કોઈ પણ લાયક નાગરિક મતદાર યાદીમાંથી બાકાત ન રહે અને કોઈ અયોગ્ય વ્યક્તિનું નામ યાદીમાં સામેલ ન થાય. આ પ્રક્રિયા દરમિયાન બૂથ-સ્તરના અધિકારીઓ ઘરે ઘરે જઈને મતદાર યાદીઓની ચકાસણી કરશે નહીં.

યુવા અને પહેલી વાર મત આપનારાઓની સુવિધા માટે, જેઓ 1 જાન્યુઆરી, 2027ના રોજ તેમજ 1 એપ્રિલ, જુલાઈ અને ઓક્ટોબર 2027ના રોજ લાયક બનશે, તેઓ પણ અગાઉથી મતદાર નોંધણી માટે અરજી કરી શકશે.

જિલ્લા સ્તરે સહાય કેન્દ્રો સ્થાપિત કરવામાં આવશે. આ કેન્દ્રો સ્થળાંતર કરનારા, સંવેદનશીલ અને વંચિત વ્યક્તિઓને નોંધણીમાં મદદ કરશે.

# UM AMIT SHAH STATE VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસે આવશે. સત્તાવાર યાદી મુજબ, તેઓ સૌપ્રથમ અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં પ્રેરણાતીર્થ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય નરરત્ન સૂરિશ્વરજી મહારાજ સાહેબનાં દર્શન કરશે. ત્યારબાદ બપોરે શ્રી શાહ પાલડીમાં શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય ઉદયપ્રભ સૂરિશ્વરજી મહારાજ સાહેબના દર્શન કરશે. સાંજે તેઓ ગાંધીનગરમાં રૂપાલમાં શક્તિપીઠ શ્રી વરદાયિની માતાજી મંદિર પરિસરમાં પૂજા-અર્ચના કરશે. તેમજ ભગવાન શિવજીની 81 ફૂટ ઉંચી પ્રતિમાનું ખાતમુહૂર્ત કરશે.

ત્યારબાદ શ્રી શાહ માણસામાં બહુચર માતા મંદિરમાં માતાજીની આરતીમાં સહભાગી થશે. રાત્રે તેઓ કોલવડામાં શ્રી રામજી મંદિરમાં નવરાત્રિ યુવક મંડળ દ્વારા આયોજિત રાસગરબા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

# CITIZENSHIP CERTIFICATE – RAJKOT HARSH SANGHVI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ગઇકાલે રાજકોટમાં 319 વિસ્થાપિતોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયા. નાયબ મુખ્યમંત્રીના હસ્તે રાજકોટના 259, મોરબીના 53, કચ્છના છ તથા સુરેન્દ્રનગરના એક નાગરિકને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આભાર વ્યકત કરતાં એક કિશોરીએ શ્રી સંઘવીના ભાલે કુમકુમ તિલક કરીને હાથમાં રાખડી બાંધી હતી. આ પ્રંસગે સંબોધન કરતાં શ્રી સંઘવીએ પાકિસ્તાનમાંથી આવેલી બહેનો માટે આજે આઝાદીનો દિવસ હોવાનું જણાવ્યું હતું.

# HARSH SANGHVI – FARMER LAND

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે રાજકોટના શાપર ખાતે વિભાગીય પોલીસ અધિકારીની કચેરીનું લોકાર્પણ કરાયું અને ખેડૂતોને જમીનના દસ્તાવેજો સોંપાવમાં આવ્યા.**

**35 ખેડૂતોની અંદાજે 100 કરોડથી વધુ રકમની જમીન પરત અપાવવામાં સફળતા બદલ શ્રી સંઘવીએ પોલીસની કામગીરીને બિરદાવી હતી.**

**BYTE: HARSH SANGHVI, DyCM**

# GOVERNOR – NATURAL FARMING REVIEW

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને રાજ્યમાં ચાલી રહેલા પ્રાકૃતિક કૃષિ અભિયાન અંગે સમીક્ષા બેઠક યોજાઈ. બેઠકમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણી અને રાજ્ય મંત્રી રમેશ કટારા સહિત કૃષિ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને વધુ વ્યાપક બનાવવા અને પ્રાકૃતિક કૃષિ પેદાશોને બજાર સાથે જોડવા માટે હાથ ધરાયેલી કામગીરીની વિગતવાર સમીક્ષા કરાઇ. આ પ્રસંગે રાજ્યપાલે પ્રાકૃતિક ખેતીની પેદાશોનું વેચાણ વધારવા રાજ્યમાં કાર્યરત વેચાણ કેન્દ્રોની કામગીરીને વધુ અસરકારક બનાવવા પર ભાર મૂક્યો હતો.

બેઠક દરમિયાન પ્રાકૃતિક ખેતી કરતા બે હજાર 400થી વધુ ખેડૂતોના પ્રમાણપત્રોનું અનાવરણ કરાયું હતું.

# SEVA SANKALP ABHIYAN MILLETS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ થયા છે. તે અંગેની અમારી આ વિશેષ શ્રેણીમાં આજે અમે આપને જણાવીશું મિલેટ્સ એટલે કે, શ્રી અન્ન અંગે.**

## (CAPSULE: PRAVESH ADIACHA)

*(....મિલેટ્સ એટલે કે, શ્રી અન્ન, જેને આપણે જાડા ધાન્ય તરીકે પણ ઓળખીએ છીએ. પ્રાચીન કાળથી તે આપણા ભોજનનો અભિન્ન અંગ રહ્યા છે. જુવાર, બાજરી, રાગી, કોદરી, સામો, કાંગ અને મોરિયો જેવા શ્રીઅન્ન પોષકતત્વોથી ભરપૂર હોય છે. તેમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે, જે પાચનતંત્રને સુધારવામાં મદદ કરે છે અને લાંબા સમય સુધી પેટ ભરેલું રાખે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અંગે કહ્યું હતું કે, ભારતના સતત પ્રયાસ બાદ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2023ને આંતર-રાષ્ટ્રીય બાજરી વર્ષ તરીકે જાહેર કરાયું હતું.*

***(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)***

*શ્રી અન્ન અંગે ડાંગના ખેડૂતની પ્રતિક્રિયા સાંભળીએ.*

***(BYTE: SITARAM GAMIT, FARMER)***

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

………………………………

# ARVALLI - P. C. BARANDA

અરવલ્લીના ભિલોડા **APMC** માર્કેટ ખાતે રાજ્યકક્ષાના મંત્રી પી.સી. બરંડાના હસ્તે એક હજાર **950** આદિજાતિ ખેડૂતોને હાઈબ્રીડ મકાઈ, ચણા અને ઘઉંના સુધારેલ બિયારણ અને ખાતર વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે બોલતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકાર છેવાડાના માનવી સુધી સહાય પહોંચાડવા પ્રતિબદ્ધ છે.

**BYTE - P. C. BARANDA, MINISTER**

# RAJKOT - BHOJAN KENDRA

રાજકોટ જિલ્લામાં આજે ‘શ્રમિક અન્નપૂર્ણા યોજના’ અંતર્ગત નવા 7 ભોજન કેન્દ્રોનો શુભારંભ કરાશે. આ ભોજન કેન્દ્રો પૈકી આટકોટ સ્થિત કૈલાશનગર પરા ખાતે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે ભોજન કેન્દ્ર ખુલ્લું મુકાશે.

વહેલી સવારે કડિયાનાકે એકત્ર થતા બાંધકામ શ્રમિકોને નજીવા દરે પૌષ્ટિક આહાર મળી રહે તે માટે શરૂ થઈ રહેલા આ કેન્દ્રોનો વધુમાં વધુ શ્રમયોગીઓએ લાભ લેવા ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા અનુરોધ કરાયો છે.

# AN IMPORTANT ANNOUNCEMENT

પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત.

**(VC : PTC JAHERAT NEWS RNU)**

# NEW MEDICAL COLLEGE

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ખેડા, મહીસાગર, બોટાદ અને ગીર-સોમનાથ જિલ્લામાં બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજોની સ્થાપનાને મંજૂરી આપી છે. ચારેય જિલ્લાની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરીને આધુનિક સુવિધાઓથી સજ્જ મેડિકલ કોલેજો અને હોસ્પિટલોનું નિર્માણ કરાશે. આનાથી ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓનો વ્યાપ વધશે.

શ્રી પાનશેરીયાએ જણાવ્યું કે, સ્થાનિક સ્તરે તબીબી શિક્ષણની બેઠકોમાં વધારો થવાની સાથે નાગરિકોને આધુનિક આરોગ્ય સેવાઓનો લાભ વધુ સરળતાથી મળી રહેશે.

# NAVRATRI - 6TH DAY

આજે શારદીય નવરાત્રીનો છઠ્ઠો દિવસ છે. આજે મા કાત્યાયની દેવીની પૂજા કરવામાં આવે છે. રાજ્યભરમાં શારદીય નવરાત્રિની ઉત્સાહપૂર્ણ માહોલમાં ઉજવણી થઈ રહી છે.

ત્યારે ગઈકાલે પાંચમા નોરતાની રાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના નિકોલ અને વસ્ત્રાલમાં ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા. નિકોલના ખોડલધામ ગરબા મહોત્સવ અને વસ્ત્રાલના કેસરિયા તાલ ગરબા મહોત્સવમાં શ્રી પટેલે માતાજીની માંડવીના દર્શન કર્યા તથા ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો.

નવરાત્રી પર્વ નિમિત્તે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ચોટીલા ખાતે મા ચામુંડાના દર્શન કરી ધ્વજારોહણ કર્યું.

# CRICKET

મહિલા ક્રિકેટમાં આજે રાયપુરમાં ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ત્રણ મેચની T20 શ્રેણીની પહેલી મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થશે. શ્રેણીની બીજી મેચ 18 ઓક્ટોબરે અને ત્રીજી મેચ 20 ઓક્ટોબરે રમાશે. ત્રણેય T20 મેચમાં મહિલા દર્શકોને સ્ટેડિયમમાં નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

T20 શ્રેણી પછી, બંને ટીમો વચ્ચે ત્રણ એક દિવસીય મેચ પણ રમાશે. આ મેચ 23, 25 અને 28 ઓક્ટોબરે વડોદરાના કોટંબીના BCA સ્ટેડિયમ ખાતે રમાશે.

# AMRELI- STATE LEVEL KABDDI

અમરેલીના લાલાવદર ખાતે રાજ્યકક્ષાની 70મી અખિલ ભારતીય શાળાકીય રમતોની કબડ્ડી સ્પર્ધાનો પ્રારંભ થયો છે. રાજ્યકક્ષાની સ્પર્ધામાં 34 જિલ્લાની ટીમો ભાગ લઈ રહી છે. સ્પર્ધામાં અંડર-14, અંડર-17 અને અંડર-19 એમ ત્રણ વયજૂથની કેટેગરી રાખવામાં આવી છે.

આ પ્રસંગે કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ વિશેષ ઉપસ્થિત રહી ખેલાડી બહેનો સાથે વાર્તાલાપ કરીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ આયોજનથી શાળાકીય સ્તરે રમતગમતને પ્રોત્સાહન સાથે ખેલાડી બહેનોને પોતાની ક્ષમતા સાબિત કરવાની તક મળશે.